રાષ્ટ્રીય કુટુંબ સહાય (સંકટમોચન યોજના)
યોજના અન્વયે સહાયની અરજી નામંજૂર
થવાના પ્રસંગે કરવામાં આવતી અપીલની
સમયમર્યાદા નકકી કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ વનપ–૧૦૨૦૦૫–૧૨૫૦–છ,
સચિવાલય, ગાંધીનગર
તા. –૭–૨૦૦૫
2 8 JUL 2005

વંચાણે લીધાઃ–

(૧)સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૫/૯/૧૯૭૮નો ઠરાવ ક્રમાંકઃ બીએમએ–૧૦૭૮–મં.૫૮૮૨–છ

(૨)સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૫/૯/૯૫ ના ઠરાવ ક્રમાંકઃવીએનપી–૧૦૯૫–આઈ.૭૭ –છ.૧

(૩)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮/૨/૦૨ નો ઠરાવ ક્રમાંકઃ વનપ ૧૦૨૦૦૧–૨૬૬૯–છ.૧

(૪)સામાજિક ન્યાય અનેઅધિકારીતા વિભાગના તા.૬/૧/૦૫ નો ઠરાવ ક્રમાંકઃએનએસએપી – ૧૦૨૦૦૨–આઈ.૨૪૬–છ

(૫)નિયામકશ્રી,સમાજસુરક્ષા,ગાંધીનગરનો તા.૩૧/૫/૦૫ નો પત્ર ક્રમાંકઃનવસ/વઅસ/ ૩૦૬૬

આમુખઃ–

સંદર્ભ (૨) માં દર્શાવેલ ઠરાવથી રાષ્ટ્રીય સામાજીક સહાય કાર્યક્રમ હેઠળની રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના તા.૧૫/૮/૯૫ થી અમલમાં મૂકવામાં આવેલ.ભારત સરકારેરાષ્ટ્રીય સામાજીક સહાય કાર્યક્રમ હેઠળની રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના રાજય સરકારને તબદીલ કરતાં સંદર્ભ (૪)માં દર્શાવેલ આ વિભાગના તા.૬/૧/૦૫ ના ઠરાવથી આ યોજનાને રાજય સરકાર હસ્તક લઈ યોજનાને સંકટ મોચન યોજના નવું નામાભિધાન કરવામાં આવેલ છે.

રાષ્ટ્રીય કુટુંબસહાય યોજનાના અરજદારોની અરજીઓ સક્ષમ અધિકારીઓ ધ્વારા નામંજૂર કરવામાં આવે ત્યારે નામંજૂરીના હુકમથી નારાજ આવા અરજદારો ધ્વારા વિવાદ (અપીલ) અરજી સંબંધિત જીલ્લા કલેકટરશ્રીને કરવાની જોગવાઈ સંદર્ભ (૩)માં દર્શાવેલ ઠરાવથી કરવામાં આવેલ છે,પરંતુ આ નામંજૂરીના હુકમ પછી અરજદારેઅપીલ કેટલા દિવસમાં કરવાની રહેશે, તે બાબતે સમયમર્યાદા નિયત કરવામાં આવેલ નથી.

નિયામકશ્રી, સમાજસુરક્ષાના સંદર્ભ (૫) માં દર્શાવેલ પત્રથી મળેલ દરખાસ્ત અન્વયે રેકર્ડ જાળવણીની પરિસ્થિતિ તેમજ અપીલમાટે સમયમર્યાદા ન હોવાની બાબત વહીવટી હિતમાં હોવાનું ન જણાતાં આ યોજના હેઠળ અપીલની સમયમર્યાદા નકકી કરવાની બાબત

સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.પુખ્ત વિચારણાને અંતે આ બાબતે નીચે ઠરાવવામાં આવે છે.

ઠરાવઃ—

રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનાના અરજદારોની અરજીઓ સક્ષમ અધિકારીઓ ધ્વારા નામંજૂર કરવામાં આવે,તો આવા નામંજૂરીના હુકમથી નારાજ થયેલ અરજદારે વિવાદ (અપીલ) અરજી સંબંધિત જીલ્લા કલેકટરશ્રીને (એપેલેટ ઓથોરીટીને) આવા નામંજૂરીના હુકમની તારીખથી ૬૦ (સાઠ) દિવસની સમયમર્યાદામાં કરવાની રહેશે.

રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના અંતર્ગત અરજદારની અરજી સક્ષમ અધિકારીએ નામંજૂર કરતા હુકમમાં સક્ષમ સત્તાધિકારીએ અરજદારને સંબંધિત એપેલેટ ઓથોરીટીના હોદદા સહિત અપીલ કરવાની સમયમર્યાદાની પણ અચૂક જાણ કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નંદકિશોર પટેલ)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- મા.રાજયપાલશ્રીના સચિવશ્રી,ગાંધીનગર.
- મા.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર
- મા.મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા)ના અંગત સચિવશ્રી,ગાંધીનગર
- નિયામકશ્રી,સમાજસુરક્ષા ખાતું,ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વહીવટી વિભાગો.
- વિકાસ કમિશ્નરશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
  તેઓના તાબા હેઠળના નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને આ ઠરાવ જાણ અને જરૂરી કાર્યવાહીમાટે મોકલવાની વિનંતી સહ
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ,
  તેઓ હસ્તકના પ્રાંત અધિકારીઓને આ ઠરાવ જાણ અને જરૂરી કાર્યવાહીમાટે મોકલવાની વિનંતી સહ
- સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની સર્વે શાખાઓ.
- નાયબ સેકશન અધિકારીશ્રીની પસંદગી ફાઈલ
- છ શાખા સિલેકટ ફાઈલ

નં. નવય/શા કુસ/બપ/૪૨૪૬
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, [illegible] ભવન,
બ્લોક - ૧૬, જુના સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૭/૮/૦૫

દર નકલ રવાના :-

(૧) સર્વે કલેક્ટરશ્રીઓ,
કલેક્ટર કચેરીઓ તરફ જાણ અને જરૂરી
કાર્યવાહી સારૂ.

(૨) સર્વે નાયબ કલેક્ટરશ્રીઓ,
પ્રાંત અધિકારીની કચેરીઓ તરફ જાણ અને
જરૂરી કાર્યવાહી સારૂ

નાયબ નિયામક ૧૭-૮-૦૫
સમાજ સુરક્ષા ખાતુ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર